### છેલ્લા-૧૬ વર્ષથી બેંક ચીંટીંગના ૧૯ ગુન્હાઓમાં નાસતો ફરતો આરોપીને પકડી પાડતી સુરત ક્રાઈમ બ્રાંચ

સુરત શહેરના નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે સુચનાના અનુસંધાને ક્રાઈમ બ્રાંચના અધિકારી/પો.માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન HC ઉપેન્દ્રસિંહ દિલીપસિંહ તથા HC નરપતસિંહ લાલસિંહ તથા HC રાજેન્દ્રસિંહ રામસિંહ નાઓને મળેલ બાતમીની હકિકત આધારે પો.સ.ઈ.શ્રી.ટી.એ.ગઢવી નાઓની સાથે મળી આરોપી નામે વિરેન્દ્રભાઈ નરસિંહભાઈ પટેલ રહે-૩૦૩, જય એપાર્ટમેન્ટ કોલેજ રોડ, મહાગુજરાત હોસ્પીટલની સામે નડીયાદ જી-ખેડા નાઓને પકડી પાડેલ અને સદરહુ પકડાયેલ આરોપીને પુછપરછ દરમ્યાન પોતે ગુન્હાઓ આચરેલ હોવાનું જણાવતા આ કામે ડી.સી.બી.પો.સ્ટે. લાવી પુછપરછ કરતાં આરોપી વિરેન્દ્રસિંહ નરસિંહ પટેલ નાઓ સહ આરોપીઓ સાથે મળી મકાન ભાડે આપી ભાડુઆતોને લાલચ આપી તેમની પાસેના તેમના ઓળખના દસ્તાવેજો મેળવી આ દસ્તાવેજો પરથી અન્ય ખોટા દસ્તાવેજો બનાવવા સારૂ સહ આરોપીને આપી તેનો બેંકમાં ખરા તરીકે ઉપયોગ કરી બેંકમાં કાર લોન મેળવવા તથા સી.સી.એકાઉન્ટ ખોલાવી બેંકમાં જેતે સમયે ખોટી મોટર્સની પેઢીઓ તથા ખોટા શેર હોલ્ડરો ઉભા કરી તેમના નામના ચેકો લઈ તેમના એકાઉન્ટ ખાતામાં જમા કરાવી બાદ ઉપાડી લઈ અને બેંકમાંથી લીધેલ લોન ન ભરપાઈ કરી છેતરપીંડી વિશ્વાસઘાત કરતા હતા.

નોધાયેલ ગુન્હાઓઃ-સને ૨૦૦૨ માં ડી.સી.બી.પો.સ્ટે.માં ૧૪ ગુન્હા તથા અઠવા પો.સ્ટે.માં ૧ ગુન્હો તથા ૨૦૦૩ માં ડી.સી.બી.પોલીસ સ્ટેશનમાં ૪ ગુન્હા મળી કુલ્લે ૧૯ ગુન્હાઓ દાખલ થયેલ હતા અને જે તમામ ગુન્હાઓમાં હાલનો પકડાયેલ આરોપી વિરેન્દ્ર નરસિંહ પટેલ નાનો ૧૬ વર્ષથી નાસતો ફરતો હતો જે પકડી પાડી વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢી પ્રશંસનિય કામગીરી કરવામાં આવેલ છે.